# ગેરમાર્ગે દોરતી કોંગ્રેસની યુક્તિઓ

**અરૂણ જેટલી**

**( વિરોધ પક્ષના નેતા, રાજ્ય સભા )**

કોંગ્રેસ પોતે કેવા પડકારોનો સામનો કરે છે તેનો તે પક્ષને અંદાજ નથી. અર્થતંત્રના પુનરૂત્થાન બાબતે અથવા ભ્રષ્ટાચારના આરોપો બાબતે કોંગ્રેસ પાસે કોઈ જવાબો નથી. વધુમાં શ્રી નરેન્દ્ર મોદીનો સામનો કરવા કેવો રાજકીય વ્યૂહ ઘડવો તેની પણ તેઓને ખબર નથી. પોતાનું સંગઠન મજબૂત કરવામાં ધ્યાન આપવાને બદલે કોંગ્રેસ અને તેના નેતાઓ શ્રી મોદીને સીબીઆઇ દ્વારા રાજકીય  રીતે કેમ ફસાવવા તેનો વિચાર કરે છે અથવા આડેધડ ટિપ્પણીઓ કરે છે. કેન્દ્ર સરકાર ગુજરાત સરકાર દ્વારા એક મહિલા પરની જાસુસીના ખર્ચની માહિતી મેળવવા તપાસ પંચની નિમણૂક કરવા વિચારણા કરી રહી છે. ગૃહ પ્રધાન સુશીલ કુમાર શિંદેનું તે બાબતનું નિવેદન એવો અણસાર આપે છે કે કોંગ્રેસ પક્ષ તાજેતરના ચૂંટણી પરિણામોમાં પરાજયની પછડાટમાંથી બોધપાઠ મેળવવામાં નિષ્ફળ નીવડ્યો છે.

2 જી સ્પેક્ટ્રમ ફાળવણી ઐતિહાસિક કૌભાંડ હતું. કોંગ્રેસે તે કૌભાંડનો સંયુક્ત સંસદીય સમિતિ વડે ઢાંકપિછોડો કર્યો અને હવે તે મુદ્દો ઉકેલાઈ ગયો હોવાનું માને છે. વિરોધ પક્ષના સાંસદો દ્વારા સમિતિના અહેવાલ પ્રત્યે દર્શાવાયેલી અસંમતિની નોંધ લેવામાં આવી નથી . આદર્શ કૌભાંડમાં જાહેર મિલકતની ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી હતી. મહારાષ્ટ્રના

કોંગ્રેસી મુખ્ય પ્રધાન અશોક ચૌહાણે આ મુદ્દે રાજીનામું આપી દેવું પડ્યું હતું . આજે કોંગ્રેસ તે આદર્શ કૌભાંડ ચકાસણી તપાસ સમિતિના અહેવાલને કેબિનેટ દ્વારા નકારી અશોક ચૌહાણ સામે ફરિયાદ કરવાની મંજૂરી રદ કરીને આ મુદ્દો ઉકેલાઈ ગયાનું માને છે.

કોંગ્રેસ પક્ષ એવો આક્ષેપ કરે છે કે ગુજરાત પોલીસ દ્વારા એક મહિલા પર જાસુસી કરવામાં આવી હતી. પરંતુ હકીકતમાં તે મહિલાના કુટુંબે અરજી કરીને તને સલામતી પૂરી પાડવાની માગણી કરી હતી. તેમછતાં ગુજરાત સરકાર સમગ્ર મુદ્દે તપાસ માટે નિવૃત્ત જજના વડપણ હેઠળ તપાસ પંચની નિમણૂક કરી છે. હાલમાં તે પંચ પોતાનું કામ કરે છે. કેન્દ્ર સરકાર અર્થતંત્ર અને ભ્રષ્ટાચારની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન આપવાને બદલે મહિલા જાસુસીકાંડની તપાસ માટે ખાસ પંચની નિમણૂક વિચારણા કરી રહી છે, એવું ગૃહ પ્રધાનનું નિવેદન આશ્ચર્યજનક છે. કેન્દ્ર સરકારને આ મુદ્દે પંચની નિમણૂકની બંધારણીય સત્તા નથી. તેમછતાં, કોંગ્રેસ પક્ષ દેશ સામેની સળગતી સમસ્યાઓ બાબતે વિચારવાને બદલે આવો વ્યૂહ અપનાવે છે.

2 જી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડમાં જેપીસીના ઢાંકપિછોડા સાથે, દેશ સમગ્ર એવું ઈચ્છે છે કે તે બાબતની તપાસ માટે એક પંચની જરૂર છે. આદર્શ કૌભાંડ તપાસ સમિતિના અહેવાલનો અમલ અને દોષિતો વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવે. રાજસ્થાન અને હરિયાણા રાજ્ય સરકારે કોંગ્રેસ પક્ષના એક નેતાને સંડોવતા જમીન કૌભાંડના આરોપોની તપાસ કરવાની જરૂર છે. આ તમામ મુદ્દાઓ પરથી દેશની જનતાનું ધ્યાન ગેરમાર્ગે વાળીને કોંગ્રેસ પક્ષ મુખ્ય મુદ્દો બાજુએ રાખી દેવા ઈચ્છે છે. જેથી રાજકીય લાભ મેળવી શકે. જો કે આવા વ્યૂહથી તેઓનો હેતુ પાર પડવાનો નથી.